શ્રીકૃષ્ણ શરણં મમ એ શ્લોકને વિશ્વમાં ગુંજતો કરનારાં મહાપ્રભુ વલ્લભાધિષની જય!

લી. ફાલ્ગુની વસાવડા. (ભાવનગર)

આજે ચૈત્રી વદ એકાદશી એટલે કે વરુથીની એકાદશી અને આ દિવસે વલ્લભાચાર્ય મહાપ્રભુજીનો જન્મ થયો હોવાથી, તમામ પુષ્ટિ પંથના વૈશ્નવો માટે એક બહુ મોટાં ઉત્સવનો દિવસ છે, પરંતુ વલ્લભાચાર્ય મહાપ્રભુજી એ સ્થાપેલ આ પુષ્ટિ માર્ગ ક્યારે? અને શું કામ આટલો પ્રસારિત થયો? એમના જન્મની શું કથા છે! અને અન્ય સંપ્રદાયથી એ કંઈ રીતે જુદો પડે છે? એ વિશે આજે આપણે વાત કરીશું. સૌ પ્રથમ તો શ્રી વલ્લભાચાર્ય મહાપ્રભુજીનાં જન્મ વિશે જોઈએ. વિશ્વને વૈષ્ણવતાનો દિવ્ય સંદેશ આપનાર શ્રી મહાપ્રભુ વલ્લભાચાર્યનુ પ્રાક્ટય સં. ૧૫૩૫ ચૈત્ર વદી એકાદશીએ ગુરુવારે હાલના છત્તીસગઢ ચંપારણ્યમાં થયું હતું. આ જ દિવસે શ્રીજીબાવાનું મુખારવિંદ પ્રાક્ટય જતીપુરામાં વ્રજમાં ગિરિરાજ એટલે કે ગોવર્ધન પર્વત ઉપર વ્રજમાં થયું હતું. પ્રભુની કૃપા મેળવવાનો સરળ માર્ગ શ્રી વલ્લભે જગતને આપ્યો છે. આજે દેશભરમાં કરોડો વૈષ્ણવો પુષ્ટિ માર્ગમાં છે, અને શ્રી કૃષ્ણ શરણં મમ એ મંત્ર ચારેબાજુ ગુંજે છે. પાંચ વર્ષની નાની વયે જ ચાર વેદ, ઉપનિષદ અને છ દર્શનનો અભ્યાસ કર્યો હતો. એમના જન્મ સાથે એક વાત જોડાયેલી છે. તેમનો જન્મ એક વિદ્વાનભારદ્વાજગોત્રી તેલંગ બ્રાહ્મણ લક્ષ્મણ ભટ્ટ શ્રી ઈલ્લમ્માગારુજીને ત્યાં ચંપારણ્યમાં વિક્રમ સંવત ૧૫૩૫ માંચૈત્ર વદ એકાદશીને દિવસે થયો હતો. અધૂરા માસે જન્મ થતાં બાળક મૃતવત્ જણાતાં માતા-પિતા આઘાત સાથે બાળકને ખીજડાના વૃક્ષની બખોલમાં મૂકીને હિંસક પશુઓથી બચાવવા વૃક્ષની ફરતે અગ્નિ પ્રગટાવી જતાં રહ્યાં હતા. તેમણે બનારસમાં રહીને વેદ, વેદાંત, દર્શન, સૂત્રો, ધર્મશાસ્ત્ર, પુરાણો અને ઈતિહાસનો ઊંડો અભ્યાસ કર્યો હતો. તેમણે સમગ્ર ભારતમાં પર્યટન કરીને પોતાના ધાર્મિક વિચારોનો પ્રચાર કર્યો. રામેશ્વરથી હરિદ્વાર અને દ્વારકાથી જગન્નાથપુરી સુધીના તીર્થોમાં તેમણે ત્રણવાર પદ યાત્રા કરીને તેમણે પુષ્ટિમાર્ગનો પ્રચાર કર્યો. યાત્રા દરમિયાન તેમણે શ્રીમદ્ ભાગવતની કથા અને પારાયણ કર્યા. આજે એ સ્થળો 'બેઠક' તરીકે ઓળખાય છે. પણ આપણને પ્રશ્ન થાય કે પુષ્ટિ માર્ગ કે સંપ્રદાય ની સ્થાપના શું કામ થઈ? તો ઈ. સ. પૂ. એક હજાર વર્ષ ઉપર જ્યારે વૈદિક યજ્ઞોમાં હિંસા સામે પ્રશ્નો ઊભો થયાં, ત્યારે વિષ્ણુનારાયણ તેમજ એમના વિવિધ અવતારોની અર્ચના-ઉપાસના-ષોડશોપચારપૂજાનો વૈષ્ણવમાર્ગ વિકસ્યો. પછી એની પરંપરામાં શ્રી રામાનુજાચાર્યનો 'શ્રીસંપ્રદાય' એટલે કે વેદાંત-સિદ્ધાંત કે જે વિશિષ્ટાદ્વૈત સિદ્ધાંત પર આધારિત સંપ્રદાય પણ શરૂ થયો. શ્રી વિષ્ણુસ્વામીનો 'ભક્તિસંપ્રદાય કે જે વેદાંત-સિદ્ધાંતથી પણ આગળ વધી માત્ર સિદ્ધી નહીં પણ 'શુદ્ધાદ્વૈત એટલે કે ભક્તની શુદ્ધિને મહત્વ આપતો સંપ્રદાય શરૂ થયો. શ્રી નિંબાર્કાચાર્યનો 'ભક્તિસંપ્રદાય તો વેદાંત-સિદ્ધાંતથી આગળ વધી દ્વૈતાદ્વૈત એટલે કે જે દ્વૈત છે એ જ અદ્વૈત છે, સાકાર થી નિરાકાર તરફની ગતિ કરાવતો સંપ્રદાય. શ્રી મધ્વાચાર્યનો ભક્તિસંપ્રદાય' વેદાંત સિદ્ધાંત કે જે માત્ર સાકાર અને સગુણ બ્રહ્મની ઉપાસના પર એટલે કે હું અને તું એમ દ્વૈત' અને એ સમયમાં શ્રી વલ્લભાચાર્ય મહાપ્રભુજીનો પુષ્ટિસંપ્રદાયનો અગિયારમી સદીથી ૫'દરમી સદી સુધીમાં વિકાસ થયો. બીજા ભક્તિસંપ્રદાયો 'સાધનમાર્ગ' કિંવા 'મર્યાદામાર્ગ' છે, પણ અન્ય સંપ્રદાયો અર્ચના-ઉપાસના-પૂજાના માર્ગ છે, જ્યારે શ્રી વલ્લભાચાર્યજીનો માર્ગ, 'નિઃસાધન માર્ગ' છે, એમાં એવી કોઈ આકરી તપશ્ચર્યા કે નિયમો નથી, જે સંસારી નિભાવી ન શકે. જોકે તે પણ નવધા ભક્તિને અનુસરતી સાધના પ્રણાલીનું જ આહવાન કરે છે. પરંતુ અંતમાં ભક્ત પુષ્ટ થતો થતો થતો એટલે પૂર્ણ પુષ્ટ કે પોષણ મેળવી એવમ કૃપા પ્રાપ્ત કરતો કરતો ભગવાન સાથે એકાકાર થઈ જાય છે, એટલે ભગવત્ તત્વને પામી જાય છે. મહાપ્રભુ વલ્લભાચાર્યજી પર લખવું હતું તો જરા જોતી હતી, અને દ્વારકેશલાલજી નું પ્રવચન સાંભળ્યું. એમણે કહ્યું કે પરમાત્મા લૌકિક દુઃખ આપીને આપણો સંસાર પ્રત્યે અનાસક્તિ ભાવ જગાડે છે. ચિંતનનો જીવ અહીં પણ ચિંતન કર્યું, કે આનો અર્થ એમ થાય કે દુઃખથી ગભરાવું નહીં, બસ પરમાત્મા તરફથી આપણાં વૈરાગ્યની ભૂમિકા તૈયાર થાય છે, અને આપણે એની પર ચાલી એની સમિપે પહોંચવાનું છે. બીજું એમણે કહ્યું કે નિત્ય થતી પાઠ પૂજા એ ખેતર કે બાગ ફરતે કરાતી વાડ જેમ કાળથી આપણું રક્ષણ કરે છે, અને આપણને કળિયુગ એટલો સ્પર્શતો નથી! એમણે તો એ પુષ્ટિ માર્ગ માટે કહ્યું પણ ટૂંકમાં ઈશ્વર એક જ છે, એટલે ઈશ્વરના કોઈ પણ સ્વરૂપ માટે થતાં પાઠ પૂજા આપણું કાળથી રક્ષણ કરશે, અને કળિયુગથી દૂર રાખશે, તો જેટલું થાય એટલું હરિનામ સ્મરણ કે ભજન કરીએ. આમ તો અમારા ઘરે હિન્દુ શાંકર મત મુજબ પંચદેવની પૂજા છે, પણ શાલિગ્રામની જગ્યાએ બાલ કૃષ્ણનું લાલજી સ્વરૂપ છે, અને એને ઉઠાડવાથી શરું કરી સ્નાન શણગાર ભોજન કઢિયેલ દૂધ પીવડાવી પોઢાડવા સુધીની દૈનિક ભક્તિ થાય છે, એટલે તત્વતઃ શ્રીકૃષ્ણ પ્રેમાવતાર છે, અને એથી જીવ પુષ્ટ થાય છે એ સત્ય સમજાય છે. ભારતીય સંસ્કૃતિ ઋષિ પરંપરા ધરાવે છે, અને એને અનુસરે છે, એટલે અહીં ધર્મ અને આધ્યાત્મ એ બંને એટલી હદે જોડાયેલ છે કે, એને કારણે ઈશ્વર પ્રાપ્તિ કે મોક્ષ પ્રાપ્તિ માટે સંન્યાસ એ જ સર્વોત્તમ માર્ગ છે, એવી એક માન્યતા એ સમયના સમાજમાં પ્રચલિત હતી. આ ઉપરાંત ત્યારે એ સમયના સમાજમાં મુસલમાનોનાં નવાબનું સામ્રાજ્ય હતું, અને હિન્દુ ઓની સ્ત્રીઓનું એમની બેરહમીથી ડરીને ઘરની બહાર નીકળવાનું બંધ કરી હતું! ત્યાં ધર્મ માટે મંદિર કે અન્ય યજ્ઞ યાગ થઈ શકતાં નહોતાં! અને ત્યારે વલ્લભાચાર્ય મહાપ્રભુજી એ પુષ્ટિ માર્ગને પ્રચલિત કર્યો, જેમાં ઘરમાં જ ઠાકોરજીની પૂજા અર્ચના કરી, પુષ્ટિ એટલે કે ભગવાન પ્રત્યેના ભાવનું પોષણ મેળવવાનું હતું! એટલે કે સંન્યાસનાં અદ્વૈત સિધ્ધાંતની બદલે તું અને હું એમ દ્વૈતનું અનુસંધાન કરવાનું હતું! પોતે જે કક્ષાએ છે ત્યાંથી જ તેને ઈશ્વર તત્વને પોકારવામાં પણ સરળતા રહેતી. ઉપરથી પોતાની જેવી જ જૈવિક ક્રિયાઓ કરતાં કરતાં એને ભજી એને મેળવવા ના હોય! એટલે અન્ય સંપ્રદાયમાં ઈશ્વર તત્વ વિશેની સમજ સહજ બને, જ્યારે પુષ્ટિ માર્ગમાં ભક્તિ કરનારો જીવ કે બ્રહ્મ સંબંધી જીવ ઘણો પુષ્ટ થાય છે, અથવા તો ઈશ્વરને પણ પોતાના વિશે વિચારતા કરી કૃપા પ્રાપ્ત કરીને એ ભગવાનને મેળવી લે છે, એનું સાનિધ્ય મહેસુસ કરે છે. ટૂંકમાં નિરાકાર ને નિર્ગુણ બ્રહ્મની વ્યાપકતા તો દરેક સમજી ન શકે, અને બની શકે એમાં બ્રહ્મ નિર્ગુણ હોવાથી નિરસતા પણ આવે! પણ આ રીતે દ્વૈતનું અનુસંધાન કરીએ, તો ભક્તિ રસને કારણે સાકાર અને સગુણ બ્રહ્મનો સાક્ષાત્કાર જીવ ઝડપથી કરી શકે છે, એટલે કે ભગવાન હોવાની વાતની એને પ્રતિતિ થાય છે, અને એ ભાવથી પુષ્ટ બને છે. પુષ્ટિ માર્ગનાં સાધકો કે ભક્તો મૂળ જય શ્રીકૃષ્ણ અને શ્રી કૃષ્ણ શરણં મમ, કે ૐ નમો ભગવતે વાસુદેવાય! એટલે કે કૃષ્ણ કનૈયાની ભક્તિ કરનારા છે. પુષ્ટિ એટલે પ્રેમથી,સ્નેહથી,એકાગ્ર મનથી સતત ચિંતન કરતાં મનન કરતાં કરતાં ઈશ્વરને ભજવું,તેમની સેવા કરવી, આ પુષ્ટિ માર્ગનો ધર્મ અથવા પ્રેમ ભક્તિ કહેવાય છે.શ્રી મહાપ્રભુજીની આજ્ઞા મુજબ ઘરે રહીને શ્રી ગોકુલ નિવાસી શ્રીનાથજીની નિરંતર તન,મન,ધન અને હૃદયની ભાવભરી લાગણીથી સેવા કરીને પ્રભુને રિઝવવાં. આવી પ્રેમ ભક્તિ દ્વારા જ ઈશ્વરની કૃપા આપણાપર ઉતરે છે,અને સંસારના દરેક બંધનોથી આપણને છોડાવે છે. પુષ્ટિ ધર્મનાં ઈષ્ટદેવ શ્રીનાથજી છે, અને એમની માટે શ્રીનાથજી જ સર્વેસર્વા છે! તેમની કૃપા વગર જીવન અસાધ્ય અને અપૂર્ણ રહે છે. જ્યારે મનુષ્યનાં હૃદયમાં પુષ્ટિ ભાવ સિદ્ધ થઇ જાય છે, ત્યારે તે પરમ ભગવદીય વૈષ્ણવ બની જાય છે. જીવનમાં બીજાને સુખ આપવાનું ધ્યેયને જ પોતાનું સુખ માને છે, પરમાર્થમયી જીવન હોય છે. પુષ્ટિ ધર્મમાં પોતાનું સર્વ અર્પણ કરી દેવાની ભાવના મુખ્ય છે, અને તે જ સાચો પુષ્ટિ માર્ગી કહેવાય છે. તો આ છે દ્વૈતનું મહાત્મ્ય ગાતાં પુષ્ટિ સંપ્રદાયની કથા, તો બોલો શ્રીકૃષ્ણ શરણં મમ શ્લોકને વિશ્વમાં ગુંજતો કરનારા વલ્લભાધિષની જય!

દ્વારકામાં વિરોધ

સમિતિમાં નવી કારોબારી અને કિશોરી સશક્ત અભિયાન:ઓખામાં પ્રદૂષણ વિરોધી આંદોલન

» **ખંભાળિયા માનવ સેવા સમિતિમાં નવી કારોબારી; ભાણવડમાં કિશોરીઓને સશક્ત બનાવવાનું અભિયાન**

સનવિલા ન્યૂઝ, દેવભૂમિ દ્વારકા, તા.૨૩

દેવભૂમિ દ્વારકા જિલ્લાના ઓખા મંડળમાં ખાનગી કંપનીઓ દ્વારા ફેલાવાતા પ્રદૂષણ સામે ગુજરાત કિસાન કોંગ્રેસે અનોખો વિરોધ નોંધાવ્યો છે. મંગળવારે દ્વારકા ખાતે પ્રાંત અધિકારીને આવેદનપત્ર પાઠવવામાં આવ્યું હતું.RSPL (ઘડી) અને ટાટા કેમિકલ મીઠાપુર કંપનીઓ સામે ગંભીર આરોપો મૂકવામાં આવ્યા છે. આ કંપનીઓ સ્થાનિક રોજગારીના નિયમોનું ઉલ્લંઘન કરે છે. તેઓ પ્રદૂષણના નિયમોની અવગણના કરી ખેતીની જમીન અને દરિયામાં ઝેરી કેમિકલ કચરો ઠાલવે છે.વર્ષ ૨૦૨૨થી ખેડૂતો સતત લેખિત ફરિયાદો કરી રહ્યા છે. પરંતુ તંત્ર દ્વારા કોઈ કાર્યવાહી કરવામાં આવી નથી. દરિયામાં ફેલાયેલા પ્રદૂષણની માત્રા ગૂગલ મેપ પર સેટેલાઈટ ઈમેજમાં પણ સ્પષ્ટ દેખાય છે. કેમિકલ કચરાના કારણે માછીમારોની આજીવિકા પર પણ વિપરીત અસર થઈ છે.સ્થાનિક લોકોએ મામલતદાર, પ્રાંત અધિકારી, કલેક્ટર, એસ.પી. અને પ્રદૂષણ કંટ્રોલ બોર્ડને અનેક વખત રજૂઆતો કરી છે. પરંતુ કોઈ પરિણામ આવ્યું નથી. ગુજરાત કિસાન કોંગ્રેસ સમિતિના નેતા પાલભાઈ આંબલીયાની આગેવાનીમાં મોટી સંખ્યામાં સ્થાનિકોએ થાળી અને પીપૂડા વગાડી વિરોધ પ્રદર્શન કર્યું હતું. તેમણે આ સમસ્યાનું તાત્કાલિક નિરાકરણ લાવવાની માંગ કરી છે.ખંભાળિયાની જાણીતી સામાજિક સંસ્થા માનવ સેવા સમિતિમાં મહત્વપૂર્ણ ફેરફાર થયો છે. સંસ્થાના વર્તમાન પ્રમુખ ધીરેનભાઈ બદીયાણીએ વ્યક્તિગત વ્યસ્તતાના કારણે રાજીનામું આપ્યું છે.આગામી બે વર્ષ માટે નવી કારોબારીની રચના કરવામાં આવી છે. મનુભાઈ પાબારીને પ્રમુખ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. રાજેન્દ્રભાઈ મજીઠીયા સેક્રેટરી બન્યા છે. વિમલભાઈ સાયાણીને ખજાનચી અને સુભાષભાઈ બારોટને સહ ખજાનચી તરીકે સર્વસંમતિથી નિમવામાં આવ્યા છે.માનવ સેવા સમિતિ છેલ્લા ૩૩ વર્ષથી ખંભાળિયામાં સેવાકીય પ્રવૃત્તિઓ કરી રહી છે. ૧૭ વર્ષ પહેલા યુ.કે.ના બદીયાણી પરિવાર અને અન્ય દાતાઓના સહયોગથી લલીતાબેન પ્રેમજીભાઈ બદીયાણી હોસ્પિટલની સ્થાપના થઈ હતી. ભાણવડ ખાતે કિશોરી મેળાનું આયોજન કરવામાં આવ્યું હતું. જિલ્લા વિકાસ અધિકારી એ.બી.પાંડોરના માર્ગદર્શન હેઠળ આઈ.સી.ડી.એસ. શાખા, આરોગ્ય શાખા, આયુષ વિભાગ અને પ્રોજેક્ટ તૃષ્ટિના સંયુક્ત ઉપક્રમે આ કાર્યક્રમ યોજાયો હતો.

દ્વારકા જિલ્લામાં ત્રણ સ્થળે જુગાર દરોડા

સનવિલા ન્યૂઝ, દેવભૂમિ દ્વારકા, તા.૨૩

દ્વારકા જિલ્લામાં પોલીસે વિવિધ સ્થળોએ કાયદો અને વ્યવસ્થાની જાળવણી માટે સક્રિય કામગીરી કરી છે. ખંભાળિયા અને દ્વારકા તાલુકામાં ત્રણ અલગ-અલગ સ્થળોએ જુગાર દરોડા પાડવામાં આવ્યા હતા.મકનપુર ગામના વાડી વિસ્તારમાં મંદિર નજીકથી ચાર વ્યક્તિઓને તીનપત્તીનો જુગાર રમતા ઝડપી લેવાયા હતા. મીઠાપુર રેલવે સ્ટેશન વિસ્તારમાંથી બે મહિલા સહિત ચાર વ્યક્તિઓને ગંજીપાના વડે જુગાર રમતા પકડી પાડવામાં આવ્યા હતા. ખંભાળિયાના કલ્યાણબાગ સોસાયટી વિસ્તારમાંથી બે શખ્સોને ચલણી નોટોના નંબર પર જુગાર રમતા ઝડપી લેવાયા હતા. દરમિયાન, મૂળવાસર ગામના ૩૦ વર્ષીય મુકેશભા માણેકને આરંભડા-નાગેશ્વર રોડ પરથી વિદેશી દારૂની નવ બોટલ સાથે પકડી પાડવામાં આવ્યા હતા. પોલીસે કુલ રૂપિયા ૬,૦૮૩નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. ભાણવડ પોલીસે ૧૫ વર્ષ પહેલાં ગુમ થયેલી મહિલાને શોધી કાઢવામાં સફળતા મેળવી છે. પોલીસ તપાસમાં જાણવા મળ્યું કે મહિલા પોતાની મરજીથી ઘર છોડીને પોરબંદર જિલ્લામાં સ્થાયી થઈ હતી.

ગરીબ ખેતમજૂરના દીકરાની કમાલ

સનવિલા ન્યૂઝ, સુરેન્દ્રનગર, તા.૨૩

દસાડા તાલુકાના આદરિયાણા ગામના એક સામાન્ય ખેતમજૂર પરિવારના દીકરાએ રમતગમત ક્ષેત્રે ઉત્કૃષ્ટ સિદ્ધિ હાંસલ કરી છે. પિયુષ બાબુભાઈ લોલાડીયાએ સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાત દ્વારા આયોજિત ખેલ મહાકુંભ ૩.૦ની રાજ્ય કક્ષાની સ્પર્ધામાં ગોલ્ડ અને સિલ્વર મેડલ જીત્યા છે.નડીયાદના સ્પોર્ટ્સ કોમ્પ્લેક્ષમાં ૧૪થી ૩૦ એપ્રિલ ૨૦૨૫ દરમિયાન યોજાયેલી આ સ્પર્ધામાં પિયુષે શાનદાર પ્રદર્શન કર્યું. આદરિયાણા પ્રાથમિક શાળાના વ્યાયામ શિક્ષક અજીતસિંહ રથવી અને મહેશભાઈ જાદવના માર્ગદર્શન હેઠળ પિયુષે આ સફળતા મેળવી છે.તેની સાથે શાળાના અન્ય વિદ્યાર્થી દિવ્યાંશ રાકેશભાઈ રથવીએ પણ રાજ્યકક્ષાની એથલેટિક સ્પર્ધામાં ભાગ લીધો હતો. બંને વિદ્યાર્થીઓએ અંડર-૧૧ વર્ગમાં ૫૦ મીટર દોડ અને બ્રોડ જંપ સ્પર્ધામાં ભાગ લીધો હતો.

ભરૂચ એ ડિવિઝન પીઆઈની અંકલેશ્વર બદલી

» **સવા વર્ષની સેવા બાદ સ્ટાફે આંખોમાં આંસુ સાથે ફૂલોની વર્ષા કરી વિદાય આપી**

સનવિલા ન્યૂઝ, ભરૂચ, તા.૨૩

ભરૂચ શહેર એ ડિવિઝન પોલીસ મથકના પીઆઈ વી.યુ. ગડરિયાએ અંદાજીત સવા વર્ષ જેટલી ફરજ બજાવી હાલમાં તેમની બદલી અંકલેશ્વર બી ડિવીઝન પોલીસ મથકમાં થતાં તેમનો વિદાય સમારોહ યોજાયો હતો.જેમાં પોલીસે સ્ટાફે ફૂલોની વર્ષા અને આંખોમાં આંસુ સાથે ભવ્ય વિદાય આપી હતી.ભરૂચ શહેર એ ડિવિઝન પોલીસ મથકમાં બહોળો વિસ્તાર આવેલો છે તેમાં પણ અમુક વિસ્તાર સંવેદનશીલ ગણાય છે.તેવામાં સવા વર્ષ પહેલા અંકલેશ્વર બી ડિવિઝન પોલીસ મથક બાદ વી.યુ.ગડરિયાની એ ડિવિઝન પોલીસ મથકમાં બદલી કરાઈ હતી.મળતીયો સ્વભાવ ધરાવનાર અને ફરજ પ્રત્યે હંમેશા તત્પર રહેતા પીઆઈ વી.યુ.ગડરિયાએ તેમના વિસ્તારના લોકોના દિલોમાં જગ્યા બનાવી લીધી હતી.શહેરમાં કોઈ પણ પ્રોગ્રામ હોય કે વિરોધ પ્રદર્શન હોય તેઓ હંમેશા તેઓના સ્ટાફ સાથે ખડે પગે હાજર રહીને તેમનો જુસ્સો વધારતા જોવા મળ્યા છે જેના કારણે તેઓ તેમના સ્ટાફમાં પણ સારી છાપ ધરાવતા હતા.જોકે હાલમાં એસપી મયુર ચાવડાએ જિલ્લાના પાંચ પીઆઈઓની આંતરિક બદલી કરતાં એ ડિવિઝન પીઆઈ વી.યુ.ગડરિયાની પુનઃ અંકલેશ્વર બી ડિવીઝન પોલીસ સ્ટેશનમાં બદલી કરાઈ હતી.જેથી ગતરોજ સાંજના સમયે તેમનો વિદાય સમારોહ યોજાયો હતો.આ સમારોહમાં પોલીસ અધિકારીઓ અને પોલીસ કર્મીઓ સહિત શહેરના જાગૃત નાગરિકો અને સંસ્થાઓના લોકોએ ઉપસ્થિત રહીને વી.યુ.ગડરિયાની કામગીરીના સ્મરણો વાગોળ્યા હતાં.

કેનેડી ગામના ચિત્રકારની સિદ્ધિ અને નવમો પાટોત્સવ યોજાશે

» **બેહ ગામમાં ૩૦ એપ્રિલે જુંગીવારા ધામનો નવમો પાટોત્સવ**

સનવિલા ન્યૂઝ, દેવભૂમિ દ્વારકા, તા.૨૩

દેવભૂમિ દ્વારકા જિલ્લાના કલ્યાણપુર તાલુકાના કેનેડી ગામના ચિત્રકાર અરવિંદભાઈ ખાણધરે એક અનોખી સિદ્ધિ હાંસલ કરી છે. તેમણે કેનેડીથી ટોબર, દ્વારકા સુધીની ૫૧ કિલોમીટરની યાત્રા દરમિયાન અદભુત કામગીરી કરી છે.૧૪ દિવસના સમયગાળામાં તેમણે ૨૪,૧૨૩ દંડવત પ્રણામ સાથે પેઈન્ટિંગ કર્યું. આ અનોખી સિદ્ધિ માટે વર્લ્ડ રેકોર્ડ્સ ઈન્ડિયાએ તેમને પ્રમાણપત્રથી સન્માનિત કર્યા છે. અમદાવાદના ટાઈટેનિયમ સિટી સેન્ટર ખાતે યોજાયેલા વિશેષ કાર્યક્રમમાં તેમને આ સન્માન આપવામાં આવ્યું.અરવિંદભાઈ ખાણધર ધાર્મિક અને પ્રાકૃતિક ચિત્રકલા માટે પ્રસિદ્ધ છે. તેઓ અગાઉ પણ વિવિધ ક્ષેત્રોમાં સન્માનિત થઈ ચૂક્યા છે. યોગ અને ચિત્રકલાને સાથે જોડીને તેમણે સ્થાપેલો આ નવો રેકોર્ડ તેમની કલાત્મક યાત્રામાં એક મહત્વપૂર્ણ સિમાચિહ્ન બની રહ્યો છે.ખંભાળિયા નજીક આવેલા બેહ ગામના ઐતિહાસિક જુંગીવારા ધામ ખાતે નવમો વાર્ષિક પાટોત્સવ ૩૦ એપ્રિલે યોજાશે. સમસ્ત બેહ ગામ દ્વારા આયોજિત આ ઉત્સવમાં વિવિધ ધાર્મિક અને સાંસ્કૃતિક કાર્યક્રમો થશે. સવારે ૭ વાગ્યે ધ્વજાજી પૂજન અને ધ્વજારોહણથી કાર્યક્રમની શરૂઆત થશે. ત્યારબાદ મહાયજ્ઞનું આયોજન છે. બપોરે ૧૨ વાગ્યે અને સાંજે ૭ વાગ્યે મહાપ્રસાદનું વિતરણ થશે. સાંજે પરંપરાગત દાંડિયારાસ યોજાશે. સવારે ૭ વાગ્યે ધ્વજાજી પૂજન અને ધ્વજારોહણથી કાર્યક્રમની શરૂઆત થશે. ત્યારબાદ મહાયજ્ઞનું આયોજન છે. બપોરે ૧૨ વાગ્યે અને સાંજે ૭ વાગ્યે મહાપ્રસાદનું વિતરણ થશે. સાંજે પરંપરાગત દાંડિયારાસ યોજાશે.

JEE મેઈન્સમાં સુરતના સ્વામિનારાયણ ગુરુકુળ વિદ્યાલયનો દબદબો



સનવિલા ન્યૂઝ, સુરત, તા.૨૩

શ્રી સ્વામિનારાયણ ગુરુકુળ વિદ્યાલય વેડરોડ સુરતે જેઈઈ મેઈન્સમાં શાનદાર પ્રદર્શન કર્યું છે. વિદ્યાલયના વિદ્યાર્થી વિઠાણી કીર્તન રાજેશભાઈએ ૯૯.૮૩ PR સાથે શ્રેષ્ઠ પરિણામ મેળવ્યું છે.સંસ્થાના ૬ વિદ્યાર્થીઓએ AIR ૫૦૦ની અંદર સ્થાન મેળવ્યું છે. ૧૭ વિદ્યાર્થીઓએ AIR ૧૦૦૦ની અંદર અને ૫૬ વિદ્યાર્થીઓએ AIR ૫૦૦૦ની અંદર સ્થાન પ્રાપ્ત કર્યું છે. આ ઉપરાંત, ૮ વિદ્યાર્થીઓએ ૯૯ PR થી વધુ સ્કોર મેળવ્યો છે.૯૦ PR મેળવનાર ૧૭ અને ૮૦ PR મેળવનાર ૩૭ વિદ્યાર્થીઓને સંસ્થાના મહંત સ્વામી ધર્મવલ્લભદાસજી સ્વામીએ આશીર્વાદ આપ્યા. વિદ્યાલયના આચાર્ય અરવિંદભાઈ ઠેશીયા, ધર્મેશભાઈ સલીયા અને રામજીભાઈ રાંક સહિતના શિક્ષકોએ પણ વિદ્યાર્થીઓને શુભેચ્છાઓ પાઠવી.પ્રભુ સ્વામીના મતે, ગુરુકુલમાં વિદ્યા સાથે જીવન જીવવા માટે ઉપયોગી સદવિદ્યા અને બ્રહ્મવિદ્યાનું શિક્ષણ આપવામાં આવે છે. તેમણે ભાર મૂક્યો કે ભણતર સાથે સંસ્કારોનું ચણતર વિદ્યાર્થીઓના જીવનને મજબૂત બનાવે છે. સહિતના પણ વિદ્યાર્થીઓને શુભેચ્છાઓ પાઠવી.પ્રભુ સ્વામીના મતે, ગુરુકુલમાં વિદ્યા સાથે જીવન જીવવા માટે ઉપયોગી સદવિદ્યા અને બ્રહ્મવિદ્યાનું શિક્ષણ આપવામાં આવે છે. તેમણે ભાર મૂક્યો કે ભણતર સાથે સંસ્કારોનું ચણતર વિદ્યાર્થીઓના જીવનને મજબૂત બનાવે છે.

ICICI Home Finance કોર્પોરેટ ઓફિસ: ICICI હોમ ફાઇનાન્સ કંપની લિમિટેડ ICICI HFC ટાવર, અંધેરી - કુર્લા રોડ, અંધેરી (પૂર્વ), મુંબઈ - ૪૦૦૦૫૯, ભારત

બ્રાન્ચ ઓફિસ: પહેલો માળ, શક્તિ બિઝનેસ સેન્ટર, યુનાઈટેડ બેંકની ઉપર, મહેસાણા હાઈવે, મહેસાણા - ૩૮૪૦૦૨
બ્રાન્ચ ઓફિસ: પહેલો માળ, યુનિટ નં. ૩૧૭, ઓરિયન આર્કેડ સંકુલ, આઈનોક્સ મલ્ટિપ્લેક્સ પાસે, ઝાડેશ્વર, ભરૂચ - ૩૯૨૦૦૧
બ્રાન્ચ ઓફિસ: ત્રીજો માળ, ૩૦૧, નક્ષત્ર-૩, ૧૫૦ ફિટ રિંગ રોડ, રાવયા ટેલિફોન એક્સચેન્જ પાસે, રાજકોટ - ૩૬૦૦૦૭
બ્રાન્ચ ઓફિસ: ૪૦૨ થી ૪૦૪, ચોથો માળ, ૩૨૩ કોર્પોરેટ પાર્ક, ગિરીશ કોલ્ડ ડ્રિંક્સ ક્રોસ રોડ પાસે, નવરંગપુરા, અમદાવાદ - ૩૮૦૦૦૯
બ્રાન્ચ ઓફિસ: ચોથો માળ, ૪૧૦, માઈલસ્ટોન વાઈબ્રન્ટ, ઓપ. એપલ હોસ્પિટલ, ઉધના દરવાજા, સુરત-૩૯૫૦૦૨
બ્રાન્ચ ઓફિસ: ચોથો માળ, ક્રિષ્ન કેપિટલ, બેંક ઓફ બરોડા પાસે, ઝાંઝરડા રોડ, જૂનાગઢ, ગુજરાત- ૩૬૨૦૦૧
બ્રાન્ચ ઓફિસ: ચોથો માળ, ઓફિસ નંબર ૪૩૯-૪૪૩ એમરાલ્ડ વન, વિનવર્ડ બિઝનેસ પાર્ક, જેતલપુર રોડ, વડોદરા, ગુજરાત- ૩૯૦૦૨૦
બ્રાન્ચ ઓફિસ: ઓફિસ નં. ૨૦૧, બીજો માળ, પ્લોટ નં. ૮/બી, ગીજીયુભાઈ બધેકા માર્ગ, સામે. દક્ષિણમૂર્તિ શાળા, વાઘાવાડી રોડ, ભાવનગર- ૩૬૪૦૦૨
બ્રાન્ચ ઓફિસ: દુકાન નં. ૨૧,૨૨,૨૩ કૃષ્ણમ પ્લાઝા, પહેલો માળ, ડિસ્ટ્રિક્ટ કોર્ટ સામે, પાટણ, ગુજરાત- ૩૮૪૨૬૫
બ્રાન્ચ ઓફિસ: યુનિટ નં. ૫ અને ૬, પહેલો માળ, શાંતિ કોમ્પ્લેક્સ, પ્લોટ નં. પી-૫૦/૧, જી.આઈ.ડી.સી. બી/એચ, ૨૧મી સદી હોસ્પિટલ, વાપી-૩૯૬૧૯૫

[નિયમ ૮(૬) ની જોગવાઈ જુઓ]
સ્થાવર સંપત્તિના વેચાણ માટેની નોટીસ

સિક્યોરિટાઇઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઇનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઇન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ હેઠળ સ્થાવર સંપત્તિના વેચાણ માટેની ઇ-ઓક્શન સેલ નોટિસ, સિક્યોરિટી ઇન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો, ૨૦૦૨ના નિયમ ૮ (૬)ની જોગવાઈ સાથે વાંચવામાં આવી છે.
આથી જાહેર જનતાને સામાન્ય રીતે અને ખાસ કરીને ઋણ લેનાર(ઓ) અને બાંયધરી આપનાર(ઓ) ને નોટીસ આપવામાં આવે છે કે નીચે વર્ણવેલ સ્થાવર મિલકત સિક્યોર્ડ ક્રેડિટર પાસે ગીરો/ચાર્જ કરેલ છે, જેનો કબજો ICICI હોમ ફાઇનાન્સ કંપની લિ.,ના અધિકૃત અધિકારી દ્વારા લેવામાં આવ્યો છે. અહીં આપેલી સંક્ષિપ્ત વિગતો મુજબ, "જેમ છે ત્યાં", "જેમ છે તેમ", અને "જે ત્યાં છે" પર વેચવામાં આવશે;

ક્રમ નં.	લેનારા(ઓ)નું નામ/ સહ ઋણ લેનારા/ બાંયધરી આપનાર/ કાનૂની વારસદારો. લોન એકાઉન્ટ નં.	સુરક્ષિત સંપત્તિ(ઓ)ની વિગતોની સાથે જાણીતા સાથે બોજો, જો કોઈ હોય તો	રકમ બાકી	અનામત કિંમત	બાનું પૈસા જમા	તારીખ અને સમય મિલકત નિરીક્ષણ	તારીખ અને સમય હરાજી	એક દિવસ પહેલાં હરાજી તારીખ	સરફેસી સ્ટેજ
(A)	(B)	(D)	(C)	(E)		(F)	(G)	(H)	(I)
1.	વિજય બહાદુર રામમુરત પટેલ (ઋણ લેનાર) પ્રમિલા દેવી વિજય બહાદુર (સહ ઉધાર લેનાર) લોન એકાઉન્ટ નં. LHSUR00001410695	આર એસ નં. ૩૬૪/૧/એ, ૩૬૨, બ્લોક નં. ૨૮૮ (કોન્સોલિડેટેડ બ્લોક નં. ૨૮૮ અને ૨૮૯), રાજમંદિર રેસીડેન્સી, પાઈકી પ્લોટ નં. ૨૧૦, મોજે તાતીથૈયા, નોંધણી જિલ્લો અને ઉપ-જિલ્લો પલસાણા, જિલ્લો સુરત.	Rs. 14,34,864/- April 19, 2025	Rs. 14,45,040/-	Rs. 1,44,504/-	May 23, 2025 11:00 AM to 03:00 PM	May 30, 2025 02:00 PM to 03:00 PM	May 29, 2025 before 05:00 PM	ભૌતિક કબજો
2.	રાધાબેન ભરતભાઈ ઝાલા (ઋણ લેનાર) ભરતભાઈ આલજીભાઈ ઝાલા (સહ લેનારા) લોન એકાઉન્ટ નં. LHSUR00001453930 અને LHSUR00001453933	ફ્લેટ નં. ૨૦૩, બીજો માળ, વિભાગ એ, મારુતિનંદન રેસીડેન્સી, બ્લોક નં. ૭૮, ૭૯ અને ૮૧, રાધેકૃષ્ણ રેસીડેન્સી પાઈકી પ્લોટ નં. ૨, મોજે સાયના, નોંધણી જિલ્લો અને ઉપ-જિલ્લો ઓલપાડ અને જિલ્લો સુરત, ગુજરાત.	Rs. 5,51,604/- April 19, 2025	Rs. 6,61,500/-	Rs. 66,150/-	May 23, 2025 11:00 AM to 03:00 PM	May 30, 2025 02:00 PM to 03:00 PM	May 29, 2025 before 05:00 PM	ભૌતિક કબજો
3.	મુકેશ રણમલ ગોલેચા (ઋણ લેનાર) મંજુ દેવી ભણસાલી (સહ ઉધાર લેનાર) અશોક કુમાર ભણસાલી (જામીનદાર) લોન એકાઉન્ટ નંબર LHANB00001539561	ફ્લેટ નં. સી-૯૦૩, ટાવર સી, નવમો માળ (એએમસી આઠ માળ મુજબ), કેપી હાઇટ્સ, સર્વે નં. ૧૫૨/એ, ૧૫૨/બી/૧ અને ૧૫૩, ટી પી સ્કીમ નં. ૧ (નિકોલ - રાખલ્યાલ- ૧), એફ. પી નં. ૩, સબ પ્લોટ નં. ૪, મૌજે નિકોલ, તાલુકા અસારવા, નોંધણી જિલ્લો અમદાવાદ	Rs. 35,63,627/- April 19, 2025	Rs. 32,31,900/-	Rs. 3,23,190/-	May 23, 2025 11:00 AM to 03:00 PM	May 30, 2025 02:00 PM to 03:00 PM	May 29, 2025 before 05:00 PM	ભૌતિક કબજો
4.	રાજા યાદવ (ઉધાર લેનાર) રામાવતી દેવી (સહ ઉધાર લેનાર) લોન એકાઉન્ટ નં. LHSUR00001448857 અને LHSUR00001449505	ફ્લેટ નં. ૧૦૨, પહેલો માળ, એ-બિલ્ડીંગ, બ્લેસિંગ એપાર્ટમેન્ટ, આર એસ નં. ૫૯, ૬૦/૧, બ્લોક નં. ૫૮, છોટુકાકા ની વાડી, પૈકી પ્લોટ નં. ૨૨૪, ૨૨૫ અને ૨૨૬, મોજે પાલી, નોંધણી જિલ્લો અને પેટા-જિલ્લો ચોર્યાસી, જિલ્લો સુરત, ગુજરાત.	Rs. 8,29,072/- April 19, 2025	Rs. 6,59,000/-	Rs. 65,900/-	May 23, 2025 11:00 AM to 03:00 PM	May 30, 2025 02:00 PM to 03:00 PM	May 29, 2025 before 05:00 PM	ભૌતિક કબજો
5.	રોશનીબેન ડી રાઉત (ઉધાર લેનાર) સમીર દામોદરભાઈ રાઉત (સહ લેનારા) લોન એકાઉન્ટ નંબર NHBHU00000833567	પેટા પ્લોટ નં. ૭૧/બી, કરણ પાર્ક, રેવન્યુ સર્વે નં. ૧૭૭, ગામ-માધાપર, તા. ભુજ-કચ્છ, ગુજરાત.	Rs. 12,42,576/- April 19, 2025	Rs. 12,08,450/-	Rs. 1,20,845/-	May 23, 2025 11:00 AM to 03:00 PM	May 30, 2025 02:00 PM to 03:00 PM	May 29, 2025 before 05:00 PM	ભૌતિક કબજો
6.	વાણીયા નીતિન ભાઈ (ઉધાર લેનાર) નિનામા હિતેશ કુમાર (જામીનદાર) લોન એકાઉન્ટ નંબર LHGDM00001406680 અને LHGDM00001406686	આર એસ નં. ૨૦૪/૧, મકાન નં. ૧, પ્લોટ નં. ૭૫ થી ૭૮, દેવાંગ ટાઉનશીપ, સ્વામિનારાયણ મંદિર પાસે, બારોઈ, તાલ મુન્દ્રા, ગુજરાત.	Rs. 7,84,206/- April 19, 2025	Rs. 6,12,040/-	Rs. 61,204/-	May 23, 2025 11:00 AM to 03:00 PM	May 30, 2025 02:00 PM to 03:00 PM	May 29, 2025 before 05:00 PM	ભૌતિક કબજો
7.	દિલીપભાઈ પ્રભુદાસ જગડા (ઉધાર લેનાર) નૈમિષ દિલીપભાઈ જગડા (સહ લેનારા) લોન એકાઉન્ટ નંબર LHRAJ00001482893 અને LHRAJ00001482895	ફ્લેટ નં. ૩૦૧, ત્રીજો માળ, પરમેશ્વર એપાર્ટમેન્ટ, રાજકોટ, જિલ્લો રાજકોટ, ગુજરાતના વોર્ડ નં. ૯ માં સિટી સર્વે નં. ૧૫૫ થી ૧૫૯ પાયકી.	Rs. 16,34,185/- April 19, 2025	Rs. 12,17,700/-	Rs. 1,21,770/-	May 23, 2025 11:00 AM to 03:00 PM	May 30, 2025 02:00 PM to 03:00 PM	May 29, 2025 before 05:00 PM	ભૌતિક કબજો
8.	હિરેન રામજીભાઈ ધડુક (ઋણ લેનાર) સીમાબેન હિરેનભાઈ ધડુક (સહ લેનારા) લોન એકાઉન્ટ નંબર LHVPI00001485659 & LHVPI00001485660	સ્થાવર મિલકત પ્લોટ નં. ૮૧, કામધેનુ બંગ્લોઝ, રેવન્યુ સર્વે નં. ૨૩૮/૨, ૨૩૯, ૨૩૮/૧ અને ૨૩૮, બ્લોક નં. ૨૬૬, ગામ- સોયાણી, તાલુકો- પલસાણા, જિલ્લો- સુરત, ગુજરાત.	Rs. 22,44,885/- April 19, 2025	Rs. 22,30,458/-	Rs. 2,23,046/-	May 23, 2025 11:00 AM to 03:00 PM	May 30, 2025 02:00 PM to 03:00 PM	May 29, 2025 before 05:00 PM	ભૌતિક કબજો
9.	તાઈ મોહેયુબ (ઉધાર લેનાર) કટવાલા ઇશરતબાનુ, (સહ-ઋણ લેનાર) ખુતેજવાનુ મોહેયુબ તાઈ (સહ-ઋણ લેનાર) લોન એકાઉન્ટ નંબર LHBRD00001423948 અને LHBRD00001425167	દુકાન નં. ૪, ગ્રાઉન્ડ ફ્લોર, આકારણી નં. ૩૭૩/૧, શીટ નં. ૧૮, સર્વે નં. ૨૯/બી, મૌજે રાજપીપળા, જિલ્લો અને પેટા જિલ્લો નાંદોદ, જિલ્લો નર્મદા, ગુજરાત.	Rs. 15,87,799/- April 19, 2025	Rs. 22,57,740/-	Rs. 2,25,774/-	May 23, 2025 11:00 AM to 03:00 PM	May 30, 2025 02:00 PM to 03:00 PM	May 29, 2025 before 05:00 PM	ભૌતિક કબજો
10.	દિવ્ય ભરત ચુડાસમા (લેનારા) ભરત મોહન ચુડાસમા (સહ ઉધાર લેનાર) લોન એકાઉન્ટ નંબર LHVPI00001472461 અને LHVPI00001472612	ફ્લેટ નં. ૭૧૦, ૭મો માળ, સનશાઈન ટાવર, ટાઈપ એ, નવો સર્વે નં. ૩૪૫૭ (જૂનો સર્વે નં. ૪૦૨/૨/પાઇકી ૧), ગામ વાપી, તાલુકો વાપી, જિલ્લો વલસાડ, ગુજરાત.	Rs. 14,51,954/- April 19, 2025	Rs. 12,49,290/-	Rs. 1,24,929/-	May 23, 2025 11:00 AM to 03:00 PM	May 30, 2025 02:00 PM to 03:00 PM	May 29, 2025 before 05:00 PM	ભૌતિક કબજો
11.	મોભાણી રિયાઝ લિયાકતભાઈ (ઉધાર લેનાર) રેશ્મા રિયાઝ મોભાણી (સહ-ઉધાર લેનાર) લોન એકાઉન્ટ નંબર LHBRD00001504787	યુનિટ નં. ૨૦૭, બીજો માળ, બ્લોક બી, જેયોસ હબટાઉન, આર એસ નં. ૧૫૯/૩, સીટીએસ નં. ૧૯૯૮, મૌજે તરસાલી, તાલુકો અને જિલ્લો - વડોદરા, ગુજરાત.	Rs. 15,65,377/- April 19, 2025	Rs. 34,77,600/-	Rs. 3,47,760/-	May 23, 2025 11:00 AM to 03:00 PM	May 30, 2025 02:00 PM to 03:00 PM	May 29, 2025 before 05:00 PM	ભૌતિક કબજો
12.	ગોપાલ શરણ રામ લખન પટેલ (ઉધાર લેનાર) ખુશ્બુ રાની (સહ લેનારા) અમીપરા નીરવ વિનુભાઈ (જામીનદાર) લોન એકાઉન્ટ નંબર LHSUR00001414499 અને LHSUR00001414769	આર એસ નં. ૭૭/૪, બ્લોક નં. ૧૨૬, અયોધ્યા રેસીડેન્સી, ડી પ્રકાર, પ્લોટ નં. ૫૩, મોજે મોટા, નોંધણી જિલ્લો અને ઉપ-જિલ્લો બારડોલી, જિલ્લો સુરત, ગુજરાત.	Rs. 12,02,051/- April 19, 2025	Rs. 11,64,960/-	Rs. 1,16,496/-	May 23, 2025 11:00 AM to 03:00 PM	May 30, 2025 02:00 PM to 03:00 PM	May 29, 2025 before 05:00 PM	ભૌતિક કબજો
13.	વિપુલ પ્રજાપતિ (ઉધાર લેનાર) સુરેશભાઈ પ્રજાપતિ, (સહ ઋણ લેનાર) ગીતાબેન પ્રજાપતિ (સહ ઉધાર લેનાર) લોન એકાઉન્ટ નં. LHGDM00001441366 અને LHGDM00001441383	મહેસૂલ સર્વે નં. ૫૨૩ પાયકી, પ્લોટ નં. ૨૦૫, ખાટા નં. ૧૭૨૯, ગામ આધોઈ, ભચાઉ તાલુકો, ભચાઉનો પેટા નોંધણી જિલ્લો, કચ્છનો નોંધણી જિલ્લો, ગુજરાત રાજ્ય.	Rs. 18,90,826/- April 19, 2025	Rs. 14,74,125/-	Rs. 1,47,413/-	May 23, 2025 11:00 AM to 03:00 PM	May 30, 2025 02:00 PM to 03:00 PM	May 29, 2025 before 05:00 PM	ભૌતિક કબજો
14.	અહેમદહુસેન કે સૈયદ (ઋણ લેનાર) સૈયદ શેરબાનુ અહમદહુસૈન (સહ ઉધાર લેનાર) લોન એકાઉન્ટ નંબર LH-JGH00001480987 અને LHJGH00001480989	આર એસ નં. ૩૨/૧પી, પ્લોટ નં. ૫, દોલતપરા, તાલુકો અને જિલ્લો જૂનાગઢ, ગુજરાત.	Rs. 11,79,739/- April 19, 2025	Rs. 12,69,920/-	Rs. 1,26,992/-	May 23, 2025 11:00 AM to 03:00 PM	May 30, 2025 02:00 PM to 03:00 PM	May 29, 2025 before 05:00 PM	ભૌતિક કબજો
15.	રાણા ધર્મેશભાઈ મોહનલાલ (ઉધાર લેનાર) રાણા ચેતનાબેન ધર્મેશ કુમાર (સહ લેનારા) લોન એકાઉન્ટ નં. LHSUR00001500315 અને LHSUR00001502116	આર એસ નં. ૧૭૮ પાયકી, ૧૮૧/૧, ૧૮૨/૨, બ્લોક નં. ૧૫૯, શ્રી સાઈ વિલા રેસીડેન્સી, પ્લોટ નં. ૧૮૦, કેજેપી બ્લોક નં. ૧૫૯/૮૦, મોજે ઈશાનપોર, નોંધણી જિલ્લો અને પેટા-જિલ્લો ઓલપાડ, સુરત, ગુજરાત મુજબ.	Rs. 25,40,654/- April 19, 2025	Rs. 20,93,760/-	Rs. 2,09,376/-	May 23, 2025 11:00 AM to 03:00 PM	May 30, 2025 02:00 PM to 03:00 PM	May 29, 2025 before 05:00 PM	ભૌતિક કબજો
16.	જસુભાઈ વલ્લભભાઈ કટારીયા (ઉધાર લેનાર) બચુબેન વલ્લભભાઈ કટારીયા (સહ લેનારા) ભાવેશ વલ્લભભાઈ કટારીયા (જામીનદાર) લોન એકાઉન્ટ નંબર LHB-VR00001576314 અને LHBVR00001576315	આર એસ નં. ૨૩૫/૧ પાળકી, પ્લોટ નં. ૪૮/બી, સિટી સર્વે નંબર ૭૭૬૧/૫૨, શીટ નં. ૩૧, મહુવા નગર પાલિકા, તાલુકા મહુવા, જિ. ભાવનગર, ગુજરાત.	Rs. 36,41,962/- April 19, 2025	Rs. 32,51,160/-	Rs. 3,25,116/-	May 23, 2025 11:00 AM to 03:00 PM	May 30, 2025 02:00 PM to 03:00 PM	May 29, 2025 before 05:00 PM	ભૌતિક કબજો
17.	રાવલ યશવંતકુમાર વિનોદકુમાર (ઋણ લેનાર) શર્મિષ્ઠાબેન યશવંતકુમાર રાવલ, (સહ ઉધાર લેનાર) રાવલ આદિત્ય (સહ ઉધાર લેનાર) લોન એકાઉન્ટ નંબર LHMEH00001551563	દુકાન નં. F-168, પહેલા માળે, ઓમ કોમ્પ્લેક્સ, સિટી સર્વે નં. 2061P, શીટ નં. ૪૧, સિદ્ધપુર સિમ, તા. સિદ્ધપુર અને જિ. પાટણ, ગુજરાત.	Rs. 6,01,362/- April 19, 2025	Rs. 6,49,350/-	Rs. 64,935/-	May 23, 2025 11:00 AM to 03:00 PM	May 30, 2025 02:00 PM to 03:00 PM	May 29, 2025 before 05:00 PM	ભૌતિક કબજો
18.	સોલંકી મેહુલ એસ (ઋણ લેનાર) ગીતાબેન મેહુલભાઈ સોલંકી (સહ ઉધાર લેનાર) લોન એકાઉન્ટ નંબર LHBRD00001496863	મિલકત-૧ :- દુકાન નં. ૧૧૭, પહેલો માળ, "કામાક્ષી કુંજ", આર. એસ. નં. ૬૨૮/૧/૧, સી. એસ. નં. ૭૬૧, મૌજે વડોદરા કસ્બા, તા. અને જિ. વડોદરા, ગુજરાત મિલકત-૨:- દુકાન નં. ૧૧૮, પહેલો માળ, "કામાક્ષી કુંજ", આર. એસ. નં. ૬૨૮/૧/૧, સી. એસ. નં. ૭૬૧, મૌજે વડોદરા કસ્બા, તા. અને જિ. વડોદરા, ગુજરાત, મિલકત-૩ :- દુકાન નં. ૧૧૯, પહેલો માળ, "કામાક્ષી કુંજ", આર. એસ. નં. ૬૨૮/૧/૧, સી. એસ. નં. ૭૬૧, મૌજે વડોદરા કસ્બા, તા. અને જિ. વડોદરા, ગુજરાત મિલકત-૪ :- દુકાન નં. ૧૨૦, પહેલો માળ, "કામાક્ષી કુંજ" તરીકે ઓળખાતી યોજનાનો, આર. એસ. નં. ૬૨૮/૧/૧, સી. એસ. નં. ૭૬૧, મૌજે વડોદરા કસ્બા, તા. અને જિ. વડોદરા, ગુજરાત	Rs. 1,42,42,716/- April 19, 2025	Rs. 1,80,84,600/-	Rs. 18,08,460/-	May 23, 2025 11:00 AM to 03:00 PM	May 30, 2025 02:00 PM to 03:00 PM	May 29, 2025 before 05:00 PM	ભૌતિક કબજો
19.	મુકેશ નંદકિશોર કનોજીયા (ઉધાર લેનાર) રાકેશ કુમાર નંદકિશોર કનોજિયા (સહ-ઋણધારક) લોન એકાઉન્ટ નંબર LHVPI00001452903 અને LHVPI00001452906	દુકાન નં. ૦૪, ગ્રાઉન્ડ ફ્લોર, શ્રદ્ધા રેસીડેન્સી, પ્લોટ નં. ૨૦, નવો સર્વે નં. ૬૧૭ (જૂનો સર્વે નં. ૧૩૬/૧+૨/ પાઈકી પ્લોટ નં. ૨૦, ૨૧), ગામ છીરી, તાલુકો- વલસાડ, ગુજરાત.	Rs. 12,92,632/- April 19, 2025	Rs. 12,68,820/-	Rs. 1,26,882/-	May 23, 2025 11:00 AM to 03:00 PM	May 30, 2025 02:00 PM to 03:00 PM	May 29, 2025 before 05:00 PM	ભૌતિક કબજો
20.	નરેન્દ્ર પ્રભુભાઈ પટેલ (ઋણધારક) સિંહ રાજેશ રામપુકર (ગેરંટર) લોન એકાઉન્ટ નંબર. LHVPI00001542686 અને LHVPI00001542929	ફ્લેટ નંબર ૫૦૫, ૫મો માળ, જયભારત નગરમાં રાધેય ક્રિષ્ના એપાર્ટમેન્ટ, પ્લોટ નંબર ૧૮, કોમ્પ્યુટરાઈઝ્ડ સર્વે નંબર ૧૦/૧૮, સર્વે નંબર ૧૫૮/૧/૨, જાહેર કરાયેલ નવો સર્વે નંબર ૧૦, ગામ છીરી, તાલુકા વાપી, ડી. વલસાડ, ગુજરાત.	Rs. 22,71,481/- April 19, 2025	Rs. 18,16,100/-	Rs. 1,81,610/-	May 23, 2025 11:00 AM to 03:00 PM	May 30, 2025 02:00 PM to 03:00 PM	May 29, 2025 before 05:00 PM	ભૌતિક કબજો
21.	પાંડે સંતોષ શિતલા (ઋણધારક) મીના પાંડે (સહ-ઋણધારક) લોન એકાઉન્ટ નંબર. LHSUR00001385468 અને LHSUR00001387718	આર એસ નંબર ૭૪/૧, બ્લોક નંબર ૧૫૬, લક્ષ્મી પૂજા રેસીડેન્સી, પ્લોટ નંબર ૯૯, મૌજે મોતા, નોંધણી જિલ્લો અને પેટા જિલ્લો બારડોલી, જિલ્લો સુરત, ગુજરાત	Rs. 10,06,635/- April 19, 2025	Rs. 8,24,400/-	Rs. 82,440/-	May 23, 2025 11:00 AM to 03:00 PM	May 30, 2025 02:00 PM to 03:00 PM	May 29, 2025 before 05:00 PM	ભૌતિક કબજો
22.	પપ્પુ પાસવાન (ઋણધારક) મિન્ટા દેવી (સહ-ઋણધારક) લોન એકાઉન્ટ નંબર. LHVPI00001464483 અને LHVPI00001464485	ફ્લેટ નંબર ૪૦૨, ચોથો માળ, સાઈ પેલેસ, સર્વે નંબર ૧૧+૨૬/૪૧/૧/પાઈકી, પ્લોટ નંબર ૨૧, છરવાડા, તાલુકો-વાપી, જિલ્લો- વલસાડ, ગુજરાત.	Rs. 11,50,610/- April 19, 2025	Rs. 11,98,260/-	Rs. 1,19,826/-	May 23, 2025 11:00 AM to 03:00 PM	May 30, 2025 02:00 PM to 03:00 PM	May 29, 2025 before 05:00 PM	ભૌતિક કબજો
23.	જતીન કુમાર અશોક ભાઈ રાવલ (ઋણ લેનાર) પિસ્તા દેવી (સહ-ઋણ લેનાર) લોન એકાઉન્ટ નંબર LHSUR00001497226 અને LHSUR00001497500	ફ્લેટ નં. જી-૩, કુમકુમ એપાર્ટમેન્ટ, પ્લોટ નં. ૨૫, ૨૬, ૨૭, ૨૮, ૨૯, ૩૦, ૩૧, બ્લોક નં. ૩૫૭, મોજે કામરેજ, નોંધણી જિલ્લો અને ઉપ-જિલ્લો કામરેજ, જિલ્લો સુરત, ગુજરાત.	Rs. 7,08,285/- April 19, 2025	Rs. 7,56,000/-	Rs. 75,600/-	May 23, 2025 11:00 AM to 03:00 PM	May 30, 2025 02:00 PM to 03:00 PM	May 29, 2025 before 05:00 PM	ભૌતિક કબજો
24.	પ્રમોદ કુમાર બિંદ (ઋણ લેનાર) ખુશ્બુ પ્રમોદ બિંદ (સહ-ઋણ લેનાર) લોન એકાઉન્ટ નંબર LHVPI00001559158 અને LHVPI00001559159	ફ્લેટ નં. ૪૦૭, ચોથો માળ, બી વિંગ, ખેતેશ્વર એવન્યુ", સર્વે નં. 27/1+28+11, પ્લોટ નં. ૪૦, ૪૧, ૪૨, છારવાડા, તા. વાપી, જિલ્લો વલસાડ, ગુજરાત.	Rs. 11,83,099/- April 19, 2025	Rs. 7,59,330/-	Rs. 75,933/-	May 23, 2025 11:00 AM to 03:00 PM	May 30, 2025 02:00 PM to 03:00 PM	May 29, 2025 before 05:00 PM	ભૌતિક કબજો
25.	રમીલાબેન દિનેશભાઈ મકવાણા (ઋણ લેનાર) મકવાણા રોહન દિનેશભાઈ (સહ-ઋણ લેનાર) લોન એકાઉન્ટ નંબર LHMEH00001448873 અને LHMEH00001448874	આર એસ નં. ૧૧૯/૧ પાયકી ૪, પ્લોટ નં. ૧૩ પાયકી સાઉથ સાઈડ અને પ્લોટ નં. ૧૪ પાયકી નોર્થન સાઈડ, એસ્પેન ગ્રીન સોસાયટી, રાજપુર, તા. ડીસા, જિલ્લો બનાસકાંઠા, ગુજરાત.	Rs. 19,11,449/- April 19, 2025	Rs. 15,62,040/-	Rs. 1,56,204/-	May 23, 2025 11:00 AM to 03:00 PM	May 30, 2025 02:00 PM to 03:00 PM	May 29, 2025 before 05:00 PM	ભૌતિક કબજો

ઓનલાઈન હરાજી અમારી હરાજી એજન્સી વેલ્યુટ્રસ્ટ કેપિટલ સર્વિસીસ પ્રાઈવેટ લિમિટેડની વેબસાઈટ (URL Link- https://BidDeal.in) પર હાથ ધરવામાં આવશે. મોર્ટગેગરો/નોટિસને 29 મે, 2025 સુધી 05:00 PM પહેલાં વધુ વ્યાજ સાથે કુલ બાકી રકમ ચૂકવવાની છેલ્લી તક આપવામાં આવે છે, અન્યથા આ સુરક્ષિત સંપત્તિઓ ઉપરોક્ત સમયપત્રક મુજબ વેચવામાં આવશે. સંભવિત બોલી લગાવનાર(ઓ) એ 29 મે, 2025 ના રોજ અથવા તે પહેલાં લેખની ઉપર ઉલ્લેખિત ICICI હોમ ફાઇનાન્સ કંપની લિમિટેડ શાખા કાર્યાલયના સરનામા પર અર્નેસ્ટ મની ડિપોઝિટ (EMD) RTGS/ડિમાન્ડ ડ્રાફ્ટ (DD) (કોલમ ઈ નો સંદર્ભ લો) સબમિટ કરવો આવશ્યક છે. સંભવિત બોલી લગાવનાર(ઓ) એ 29 મે, 2025 ના રોજ અથવા તે પહેલાં લેખની ઉપર ઉલ્લેખિત ICICI હોમ ફાઇનાન્સ કંપની લિમિટેડ શાખા કાર્યાલયના સરનામા પર 05:00 PM પહેલાં નોંધણી ફોર્મ અને બિડ નિયમો અને શરતો ફોર્મની સહી કરેલી નકલ પણ સબમિટ કરવી આવશ્યક છે. અર્નેસ્ટ મની ડિપોઝિટ ડિમાન્ડ ડ્રાફ્ટ (DD) રાષ્ટ્રીયકૃત/શિડ્યુલ્ડ બેંકમાંથી "ICICI હોમ ફાઇનાન્સ કંપની લિમિટેડ -Auction" ના નામે હોવો જોઈએ જે લેખની ઉપર દર્શાવેલ શાખા કચેરીના સરનામે ચૂકવવાપાત્ર હશે.

હરાજીના નિરીક્ષણ, નિયમો અને શરતો અથવા ટેન્ડર સબમિટ કરવા અંગેની કોઈપણ વધુ સ્પષ્ટતા માટે, કૃપા કરીને ICICI હોમ ફાઇનાન્સ કંપની લિમિટેડનો 9920807300 પર સંપર્ક કરો.

અધિકૃત અધિકારી કોઈપણ અથવા બધા બિડને કોઈપણ કારણ આપ્યા વિના નકારવાનો અધિકાર અનામત રાખે છે.

વેચાણના વિગતવાર નિયમો અને શરતો માટે, કૃપા કરીને https://www.icicihfc.com/ ની મુલાકાત લો.

તારીખ: 24 એપ્રિલ, 2025
સ્થળ: સુરત, અમદાવાદ, કચ્છ, રાજકોટ, નાંદોદ, વલસાડ, વડોદરા, જૂનાગઢ, ભાવનગર, પાટણ, વાપી, બનાસકાંઠા

અધિકૃત અધિકારી,
"ICICI હોમ ફાઇનાન્સ કંપની લિમિટેડ"
CIN નંબર:- U65922MH1999PLC120106